# પ્રકરણ : ૧૫

# મોરારજીભાઈ અને વડા ન્યાયમૂર્તિ ચાગલાજી વચ્ચેનો પત્રવહેવાર

**-કેરસી દેબુ**

બાળાસાહેબ ખેરના પ્રધાનમંડળમા મોરારજીનું સ્થાન ગૃહપ્રધાન તરીકેનું હતું. બાળાસાહેબ ખૂબ જ પ્રમાણિક અને અત્યંત નરમ સ્વભાવના હતા. મોરારજીભાઈ પાસે રાજકારણ ઉપરાંત વહીવટી તંત્રનો પણ અનુભવ હતો. તે સમયે એવું કહેવાતું કે બાળાસાહેબ માત્ર નામના મુખ્યમંત્રી છે અને મોરારજીભાઈ સવાયા મુખ્યમંત્રી છે. ટૂંકમા બાળાસાહેબ મોરારજીભાઈના પ્રભાવ હેઠળ હતા અને પ્રધાનમંડળમા મોટાભાગના નિર્ણયો મોરારજીભાઈની ઈચ્છા પ્રમાણે જ લેવાતા.

સરકાર કેટલાક વિવાદાસ્પદ કાયદા પસાર કરે અને તેને કોઈ કોર્ટમા પડકારે અને કેટલાક કિસ્સાઓમા સરકાર વિરૂધ્ધ અદાલતનો ફેંસલો આવે ત્યારે મોરારજીભાઈ એવા ચુકાદાને “વહીવટી તંત્રમાં ન્યાયતંત્રની દખલગીરી” માની લેતા અને તે કારણે વડા ન્યાયમૂર્તિ ચાગલાજીને તેઓ સરકારના વિરોધી માની રહ્યા હતા.

મોરારજીભાઈની આત્મકથા “મારૂં જીવન વૃતાંત” મા મોરારજીભાઈએ ચાગલાજીએ લખેલા બે પત્રો અને ચાગલાજીને આપેલો એક પત્રનો જવાબ શબ્દ સહ રજુ કર્યો છે પરંતુ મોરારજીભાઈએ તા.૨૪ નવેમ્બર ૧૯૫૦ ના દિને ચાગલાજીને લખેલા પત્રનો ઉલ્લેખ કર્યો નથી. અમારે એ પત્ર વિશે જાણવા માટે ચાગલાજીની આત્મકથા “Roses in December” પર ફરી નજર દોડાવવી પડી.

એ પત્રની ચર્ચા કરતા પહેલાં તા.૩૦ મી ઓકટોબર ૧૯૫૦ ના દિને જસ્ટીસ ચાગલાજીએ મોરારજીભાઈને અંગત અને મૈત્રીભાવે એક પત્ર લખી મોરારજીભાઈને ધારાસભાકીય વટહુકમ દ્વારા અદાલતની કેટલીક સત્તાઓ ઉપર કાપ મુકવા અંગે નારાજગી વ્યકત કરી હતી. ચીફ જસ્ટીસ તરીકે ચાગલાજીએ સરકાર વિરૂધ્ધ આપેલા કેટલાક ચુકાદાને કારણે લોકોમા એક એવો ભ્રમ પેદા થયો હતો કે અદાલત સરકારને ઉઠળાવી નાખવા માગે છે!

ચાગલાજીએ મોરારજીભાઈને વિનંતિ કરી હતી કે, આવા કાયદા પસાર કરતા પહેલા ન્યાયતંત્રને વિશ્વાસમા લેવું જોઈએ. “તમારી નિષ્પક્ષતા, પ્રમાણિકતા અંગે શંકા નથી. આપના નિર્ણયો કોમવાદ કે સગાવાદથી રંગાયેલો હોતો નથી. મેં હંમેશા તમને કહ્યું છે તેમ સત્તા તમારા હાથમા છે, અંતિમ નિર્ણય લેવાનો અધિકાર તમારો છે – પણ ઓછામાં ઓછું તમે અમારી સલાહ તો લો. અમારે શું કહેવાનું છે તે તમે સાંભળો અને પછી તમારે જે નિર્ણય લેવાનો હોય તે લો.” તેઓ અંતમા લખે છે કે

“જીવનને લગતી તમારી દ્રષ્ટિ અને તમારા કેટલાક વિચારો સાથે મારો ઉગ્ર મતભેદ છે. એવો મતભેદ ધરાવવાનો મારો અધિકાર છે તે તો તમે જરૂર સ્વીકારશો. તમારી મૂળભૂત પ્રમાણિકતા અને નીષ્ઠા વિશે મને અત્યંત આદર છે. આપણા વચ્ચે વૈચારિક મતભેદ જરૂર છે પરંતુ આપણા બંનેનું ધ્યેય દેશ હિતનું જ છે એટલે આપણા વચ્ચે અતૂટ મૈત્રીગાંઠ રહેવી જોઈએ.”

તા. ૨૪ મી નવેમ્બર ૧૯૫૦ ના રોજ મોરારજીભાઈએ જસ્ટીસ ચાગલાજીને ખૂબજ કડક ભાષામાં એક પત્ર લખ્યો હતો. તેની પૂર્વભૂમિકા તા.૧૨ મી નવેમ્બર ૧૯૫૦ ના દિને પુસ્તક પ્રકાશક મંડળ તરફથી રાખવામાં આવેલા પુસ્તક પ્રદર્શનનું ઉદ્દઘાટન સમયે ઉદ્દબોધન કરતા ચાગલાજીએ કરેલા કેટલાક ઉચ્ચારણોની નોંધ સભામાં ઉપસ્થિત પ્રચાર નિયામકે લીધી અને ગૃહપ્રધાન તરીકે મોરારજીભાઈને સોંપવામાં આવી. પ્રચાર નિયામકની નોંધ વાંચી

મોરારજીભાઈ ખૂબ જ ગુસ્સે ભરાયા અને ચાગલાજીએ ઉચ્ચારેલા કેટલાક શબ્દોને પકડીને ચાગલાજીને કડક ભાષામા પત્ર લખ્યો જે પત્રનો સારાંશ અહીં રજુ કર્યો છે.

માય ડીયર ચાગલા,

ડાયરેકટર ઓફ પબ્લીસીટી તા.૧૨ મી નવેમ્બરના રોજ યોજાયેલ પુસ્તક પ્રકાશક મંડળના કાર્યક્રમમા ઉદ્દબોધન કરતા તમે કરેલા કેટલાક ઉચ્ચારણોની નોંધ મને પાઠવવામા આવી છે. જેમા કેટલાક ગંભીર ઉચ્ચારણો સરકાર માટે કરવામાં આવ્યા છે. ખાસ કરીને બે વાંધાજનક બાબતો અંગે મારૂ ધ્યાન દોરવામાં આવ્યું છે.

"આધુનિક યુગમા સરકારે ઘડેલા કાયદાઓ સામાન્ય નાગરિક સમજી શકે તેવા હોવા જરૂરી છે. સરકાર પ્રજા પર કોઈ કાયદો ઠોકી બેસાડે તો કાયદાનું અર્થઘટન પણ સામાન્ય નાગરિક સમજી શકતો નથી."

તમે આ વ્યકત્વમા સરકાર માટે "Mighty State" શબ્દો વાપર્યા છે. જે સામે મારો સખત વિરોધ છે. આ શબ્દોમાં સરકારને લોખંડી કાયદા ઘડનાર સરમુખત્યાર જેવી દર્શાવવામાં આવી હોય તેવું લાગી રહ્યું છે.

બીજું આપે જે સરકારની ટીકા કરી છે તેમાં આવા પુસ્તક પ્રકાશન પ્રદર્શનમા સરકાર ભાગ લેતી નથી એવો ઉલ્લેખ કર્યો છે. સરકારી કાર્યવાહીના કે કાયદા ઘડતર પ્રસંગે પ્રસિધ્ધ થયેલ હજારો પાનાઓને પુસ્તક રૂપે પ્રકટ કરી આવા પ્રદર્શનમા મુકી શકાય નહી. તમારા આવા પ્રદર્શનને ભરી દેવા માટે અમારે કેટલા પુસ્તકો પ્રદર્શિત કરવા પડે? સરકાર જો પોતાના પ્રકાશનો પ્રદર્શનમા મુકે તો તમામ સ્ટોલ માત્ર સરકારી પ્રકાશનથી જ ઉભરાય જાય.

વળી તમે "The betterment of Huminity" ની વાત કરી છે. બધી સરકારો લોકોના ભલા માટે જ કાયદા ઘડતી હોય છે. જયારે આવા ઉચ્ચારણો ન્યાયતંત્રના વરિષ્ઠ ન્યાયાધીશ તરફથી આવતા હોય તે દુ:ખદ છે. તમે શાંત ચિત્તે આ મુદ્દા પર વિચાર કરજો. મેં ખૂબ  જ અસમંજસ પછી આ પત્ર લખ્યો છે. અમે ખૂબ જ પ્રમાણિકપણે સરકાર ચલાવવા પ્રતિબધ્ધ છીએ. આમ છતાં ન્યાયતંત્રનું સરકાર સાથેનું આવું વલણ મને અસ્વસ્થ બનાવી દે તેવું લાગે છે એટલે જ આ પત્ર હું લખી રહ્યો છું.

- લી. મોરારજી દેસાઈ

આ પત્રના પ્રત્યુત્તર તરીકે ચાગલાજીએ તા.૨૫ મી નવેમ્બરના રોજ મોરારજીભાઈ પર લખેલો પત્ર હવે પછી જોઈશું.